# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

--------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# CM KAIZEN HOSPITAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા-AIના કારણે દુર્ગમ વિસ્તારમાં પણ સરળતાથી મેડિકલ સેવાઓ પહોંચી છે. અમદાવાદમાં કાઇઝન હોસ્પિટલ દ્વારા 100 રોબોટિક GI સર્જરીની ઉજવણી પ્રસંગે શ્રી પટેલે આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે કાઈઝન હોસ્પિટલ નવ મહિનામાં ગેસ્ટ્રો એન્ટ્રોલોજીમાં 100થી વધુ રોબોટિક સર્જરી કરનારી દેશની પ્રથમ હોસ્પિટલ બની છે. શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે AI આધારિત ડિઝિટલ ICU યુ.એન.મહેતા હોસ્પિટલમાં શરૂ કર્યું છે.

. . . . . . . . . . . .

# Arvallli Road Manjuri

રાજ્ય સરકારે દહેગામ-બાયડ-લુણાવાડા-સંતરામપુર- ઝાલોદ હાઇવે ફોરલેન કોરિડોર કરવાની મંજૂરી આપી છે. 151 કિલોમીટરના આ કોરિડોર માટે 1 હજાર 926 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ અંગે રજૂઆત કરી હતી. ધારાસભ્યએ આ મુજબ પ્રતિક્રિયા આપી

(બાઈટ - ધવલસિંહ ઝાલા, ધારાસભ્ય બાયડ)

. . . . . . . . . . . .

# SURAT PATIL KAHTMUHURAT

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં સમગ્ર શિક્ષા યોજના અંતર્ગત બેંતાળીસ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર ૧૪ પ્રાથમિક શાળાઓના ૯ ભવનોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું.

શાળાઓના નવા ભવનોના નિર્માણથી શહેરી વિસ્તારમાં બાળકોની શિક્ષણ સુવિધા તેમજ માળખાગત સુવિધાઓમાં વધારો થશે. ઝોન વિસ્તારોમાં સ્થાનિક બાળકોને ઘરઆંગણે શિક્ષણની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. નવ શાળાભવનોમાં ૨૪૧ ઓરડાઓનું નિર્માણ થશે, જેનો પાંચ હજાર પાંચસો બાળકોને લાભ મળશે. આગામી દોઢ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# SURAT BIHAR DIWAS

સુરતના સચિનમાં બિહાર દિવસની ઉજવણીનો કાર્યક્રમ કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં યાજાયો હતો.. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે જણાવ્યું હતું કે, બિહારમાંથી નક્સલવાદનો ખાતમો થયો છે.

ગુજરાતના વિકાસમાં બિહારના લોકોનું મોટું યોગદાન છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાનીમાં બિહારનો વિકાસ થઈ રહ્યો છે તેવો પણ તેમણે આનંદ

વ્યક્ત કર્યો હતો.. બિહારમાં આગામી ચૂંટણી આવી રહી હોવાની વાત પણ તેમણે પોતાના વક્તવ્યમાં કરી હતી.

. . . . . . . . . . . .

# Jamnagar- bridge khatmurhut- raghvaji patel

કૃષિ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજી પટેલના હસ્તે જામનગરના બેરાજા ખાતે જગેડી નદી પર પાંચ કરોડના ખર્ચે બનનારા મેજર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આ વિસ્તારના અનેક ગામોની વર્ષો જૂની માંગણીને ધ્યાને રાખી સરકારે પુલ બનાવવાની મંજૂરી આપી છે. તેમણે કહ્યું ગ્રામીણ ક્ષેત્રે પ્રાથમિક સુવિધાઓ વધે તે માટે રાજ્ય સરકાર પૂરતા પ્રયાસો કરી રહી છે. આ પુલના નિર્માણથી પસાયા, બેરાજા, જગા-મેડી, સપડા સહિતના ગામોને ચોમાસા દરમિયાન આવાગમનમાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે.

. . . . . . . . . . . .

# DWARKA HANUMAN MANDIR

દેવભૂમિ બેટ દ્વારકાના બાલાપોર વિસ્તારમાં તાજેતરમાં એક મેગા ગેરકાયદેસર ડિમોલિશન ઝુંબેશ દરમિયાન, ઘાસના મેદાનોમાં છુપાયેલું એક નાનું, હનુમાન મંદિર મળી આવ્યું હતું. સ્થાનિક વરિષ્ઠ નાગરિકો સાથે

પૂછપરછ કર્યા પછી, એવું બહાર આવ્યું કે વસ્તી વિષયક ફેરફારો અને ગેરકાયદેસર અતિક્રમણને કારણે મંદિર ઢંકાઇ ગયું હતું.. જોકે ગુજરાત પોલીસે મંદિરના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે પહેલ કરી. હનુમાન જયંતીના શુભ અવસર પર, મંદિરને લોકો માટે ફરીથી દર્શન માટે ખોલવામાં આવ્યું હતું, જેનાથી સ્થાનિક વારસો અને આધ્યાત્મિકતાનો એક ભાગ જીવંત થયો છે.. આ અંગે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં મદિરનો ફોટો મૂકીને આ મંદિરની જાણકારી આપી હતી.

. . . . . . . . . . . .

# Patan – Suposhan Sankalp Divas

પાટણના સિદ્ધપુર તાલુકાના માધુપુરા ગામે ભુમિપૂજન અને સુપોષણ સંકલ્પ દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખેત ઓજારનું પૂજન કરી ધરતી માતાને જીવંત અને પોષણક્ષમ બનાવવાના ભુમિપૂજન કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને સફળ બનાવવા માટે વિવિધ આયામો વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી.

પાટણના અમારા પ્રતિનીધી જણાવે છે કે દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી અને કૃષિ સંશોધન કેન્દ્ર, ખોલવાડા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . .

# Katch Pakshi Gantari

એશિયન વેટલેન્ડ બ્યૂરોના માર્ગદર્શનમાં કરાયેલી પક્ષી ગણતરીમાં કચ્છમાં 40 પ્રજાતિના 14 હજાર 351 જેટલાં જળચર પક્ષી નોંધાયા છે. માંડવીના દરિયા કિનારે શિયાળો ગાળવા આવતા સિગલ પક્ષી-ધોમડાની 3 જાતના 10 હજારથી વધુ પક્ષીઓ નોંધાયા હતા. જોકે આ વર્ષે `ગજપાંઉ', `ભગતડાં' અને `ટીટોડી'ની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ કચ્છની સીમાએ શકુર લેક વિસ્તારમાં હંજ, સુરખાબ, પેણ જેવા પક્ષીઓનું પ્રજનન સ્થળ મળી આવ્યૂ છે. મોટા રણ તરીકે પ્રખ્યાત આ સરહદે ભૂસ્તરશાત્રીઓ તેમજ ઇસરોના નિષ્ણાતોએ કરેલા અભ્યાસમાં પક્ષીઓની મોટી વસાહત તથા પ્રજનન સ્થળ હોવાનું બહાર આવ્યું હતું.

. . . . . . . . . . . .

# KUTCH-BSF POOJA

કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના બેડીયા બેટ સ્થિત પ્રસિદ્ધ વીર હનુમાન મંદિરે સરહદી સુરક્ષા દળ-BSF દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં BSFના 250 જેટલા જવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક લોકોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સૌ ભક્તિભાવપૂર્વક બજરંગબલીના ભજન-કીર્તનમાં જોડાયા હતા.

. . . . . . . . . . . .